

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*કોબ્રા જેવા જીએસટી ના ઝેર દાંત કાઢી નાખ્યા !*
*બિચારી 'વિકાસ'ની દોડના પગ જ વાઢી નાખ્યા!*
*દાઢીમાં નખાવ્યા હાથ, ગુજરાતની ચૂંટણીએ -*
*મતદારની લાઠીએ નિર્ણયના ધણ પાઢી નાખ્યાં...*
*(શેરડી ના કારણે એરંડાને પાણી)*

### હાઈકુ

*ચૂંટણી થકી,*
*થયાં દેવદર્શન...*
*આડ ઉપજ...*

*વિજય માળા,*
*કોઈનો જાલે હાથ -*
*સંતોની દ્વિધા*

### ચિંતન

*તનકા વેરી કોઉ નહિં, જો મન શીતલ હોય,*
*તું આપા કો ડાલ દે, તો દયા કરે સબ કોય.*

**ઉપરોક્ત સાખી કબીર બીજક ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.** *(આપા = ગર્વ, હું પદ)*

**આપણે ફરિયાદ કરતાં રહીએ છીએ કે અમુક માણસ મારો શત્રુ છે, મારો વેરી છે, મારું ખરાબ જ ઈચ્છે છે, મને કોઈ કામમાં સફળ થવા દેતો નથી. કબીર કહે છે કે હે મનુષ્ય : એવું માનવું એ તારી ભૂલ છે. કોણ શત્રુ? અને કોણ મિત્ર ? બધાં જ મનનાં વિચારો છે. શું આ જડ શરીરને શત્રુ હોઈ શકે ? તમારું મન શાંત અને પ્રેમમય હોય તો તેને દુશ્મન કયાંથી થાય.**

**તમારા મનમાં જ વિકાર કે દ્વે, પેદા થાય તો બીજા માણસો શત્રુ બને છે. દ્વેષભાવ મનમાંથી કાઢી મનને પ્રેમમય બનાવો અને અભિમાન, ગર્વ અને હું પદને મનમાંથી દૂર કરો તો સર્વ કોઈનાં, ખુદ શત્રુનાં મન પણ તમારી તરફ આકર્ષાઈ ને મિત્ર બનવા રાજી થશે.**

### સુવિચાર

- દરેક માણસ છૂપા વેશે એક દેવાત્મા છે, ડાગલાનો પાઠ ભજવતો ઈશ્વર - **વિચારમંથન**
- જગતમાં અનિષ્ટ ન હોય તો સુખનું સ્વપ્નુંયે ન હોત - **પોલહેન્રી**
- અસત્યનો આશ્રમ લઈને માણસ પહેલાં લાભ ખાટે છે, હરીફને હરાવે છે, પરંતુ આખરે એ પોતે જ મૂળમાંથી ઉખડી જાય છે - **મુંડક ઉપનિષદ**
- ભૂખના શાપમાંથી લોકોને બચાવવા જે પોતાનું ધન વાપરે છે તે પોતાનું ધન અક્ષય તિજોરીમાં અનામત મૂકે છે - **તિરુવલ્લુવર**
- આજ, એટલે ગઈકાલ રૂપી ગુરુનો ચેલો - **થોમસ ફુલર**
- કોઈ પણ વખતે વિશ્વમાં કયાંક ને કયાંક પરોઢ હશે - **રિચર્ડ હોર્ન**
- આજનું ઔષધ : પરસેવો બહુ ગંધાતો હોય તો અરડુસીના પાનનો રસ ૨-૨ ચમચી સવાર-સાંજ પીવાથી લાભ થાય છે. **(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

આપણા દેશ પર અંગ્રેજો રાજ કરતા હતા તે સમયની વાત છે. એક ગામડાની શાળામાં એક અંગ્રેજ - અમલદાર અચાનક તપાસ કરવા આવી ચઢ્યા. એક વર્ગમાં ગયા.

અંગ્રેજ અમલદારે અંગ્રેજીમાં વાતચીત કરી અને એના જવાબમાં શિક્ષકે અમલદાર સાથે અંગ્રેજીની જગ્યાએ સંસ્કૃતમાં વાતચીત કરી. થોડીવાર પછી પેલા અંગ્રેજ અમલદાર સંસ્કૃતમાં બોલવા લાગ્યા. ત્યારે શિક્ષકે તેમને અંગ્રેજીમાં જવાપ આપ્યા. અમલદારને શિક્ષકના જવાબથી સંતોષ થયો એટલે અંગ્રેજી રીતિ મુજબ હાથ મિલાવી ચાલ્યા ગયા?

વિદ્યાર્થીઓએ શિક્ષકને પૂછ્યું, 'અમને નવાઈ એ વાતની લાગે છે કે જયારે અંગ્રેજ શિક્ષક અંગ્રેજીમાં બોલતા હતા ત્યારે તમે તેમને સંસ્કૃતમાં જવાબ આપ્યા હતા. તે પછી જયારે અંગ્રેજ સંસ્કૃતમાં બોલ્યા ત્યારે તેમને અંગ્રેજીમાં જવાબ આપ્યા આમ કેમ?'

શિક્ષકે જવાબ આપ્યો, 'એમાં સ્વમાનનો સવાલ છે, એ સાહેબે અંગ્રેજીમાં બોલવાનું શરુ કર્યું એટલે કે એમને પોતાની માતૃભાષા વાપરી તો મેં પણ આપણી માતૃભાષા વાપરી. આપણને આપણી માતૃભાષાનું ગૌરવ તો હોવું જ જોઈએ. તેથી મેં એમ કર્યું. પણ જયારે અંગ્રેજ અમલદાર પણ સંસ્કૃતમાં બોલવા લાગ્યા ત્યારે મને થયું કે એમણે આપણી માતૃભાષા સંસ્કૃતનું સન્માન કર્યું છે તો મેં પણ એમની માતૃભાષા અંગ્રેજી બોલીને એમ જતાવ્યું કે અમે પણ અમારી માતૃભાષાને માન આપનાર ને માન-સન્માન આપીએ છીએ.'

# ગુજરાતની ચૂંટણીમાં ખેલદિલીનાં દર્શન કરાવીએ

**તંત્રીસ્થાનેથી...**

રાજ્યમાં ચૂંટણી નજીક આવી રહી છે તેવે ટાણે ચૂંટણીનો ઉત્સાહ સૌને અનુભવાવો જોઈએ, પરંતુ ઘાટ એવો થયો છે કે ચૂંટણીના ઉત્સાહ ને ઉન્માદને બદલે ચૂંટણીમાં વિજય મેળવવા માટે પ્રતિસ્પર્ધીને કે જોખમરૂપ લાગતાં સૌ કોઈને રાજનીતિના ક્ષેત્રમાંથી જ ખદેડી મૂકવા માટે સૌ તૈયાર થઈ ગયાં છે.

લોકશાહી માટે ચૂંટણી આવશ્યકતા છે ને એનું આયોજન ઉત્સવની જેમ થાય, ઉત્સાહપૂર્વક થાય એ ઈચ્છનીય છે. પરંતુ, અફસોસ એ વાતનો છે કે એવું થઈ નથી રહ્યું. ચૂંટણી માટે પોતે શ્રેષ્ઠ ઉમેદવાર છે એ સાબિત કરવાની જવાબદારી અલબત્ત દરેક ઉમેદવારની પોતાની છે, પરંતુ તેણે પોતાની શ્રેષ્ઠતા સાબિત કરવાની હોય છે, નહીં કે સામેવાળાની ખામીઓ. અને હકીકતે એવું થઈ નથી રહ્યું. આજે તો ઉમેદવારો પોતાની શ્રેષ્ઠતા ઓછી ને સામેવાળાની ખામીઓ વધુ દર્શાવે છે.

અને નાની-મોટી ખામીઓને તો દરગુજર કરી લેવાતી હતી પરંતુ હવે તો અંગત જીવનની કે અંગત પળોની વિડીયો ને ઑડિયો જાહેરમાં લાવી દેવાની વૃત્તિ-પ્રવૃત્તિ જોર પકડી રહી છે. આ એક હલકા પ્રકારની માનસિકતા છે. ચૂંટણીમાં પ્રતિસ્પર્ધીને હરાવવો એ એક વાત છે અને પ્રતિસ્પર્ધીને ચૂંટણી પહેલાં જ 'પાડી દેવો' એ બીજી વાત છે અને આ વાતને સૌએ ટાળવી જોઈએ.

ગુજરાતને પોતાની અસ્મિતા છે, સંસ્કૃતિ છે, ગરિમા છે ને એક શાખ પણ છે. રાજકારણમાં નવા પ્રયોગો, નવી શરૂઆતો માટે ગુજરાતનું નામ દેશભરમાં જાણીતું છે. ને એ કારણે જ દેશભરમાં ગુજરાતને રાજકારણની પ્રયોગશાળા ગણવામાં આવે છે. ગુજરાતે દેશને ન માત્ર સફળ રાજકારણીઓ પરંતુ લોકપ્રિય નેતાઓ પણ આપ્યા છે એ ગુજરાતનું ગૌરવ છે. એ ગૌરવને આવા હિન કક્ષાના પ્રયાસોથી આપણે નબળું પાડી રહ્યા છીએ.

પ્રાથમિક શાળામાં આપણે ભણ્યા હતા કે 'દરેક શેરને માથે એક સવાશેર' હોય છે. પરંતુ એ વાત આપણે જાણે ભૂલી ગયા હોઈએ એમ આપણી જાતને જ સર્વશ્રેષ્ઠ માનીને સામેવાળાનું નામોનિશાન ભૂંસી નાખવા તલપાપડ બની ગયા છીએ. હકીકત તો એ છે કે આપણે કોઈની ઉપર કાદવ ઉછાળીશું તો કોઈ પણ ચૂપચાપ બેસી રહેવાનું નથી જ, એ પણ આપણી ઉપર કાદવ ઉછાળશે કે આપણા વિરોધમાં સક્રિય થશે. ત્યારે આપણાય કાંડ કે ઑડિયો-વિડીયો સોશિયલ મીડિયાના બજારમાં આવશે.

આમ તો એવું કહેવાય છે કે રાજકારણમાં દૂધે ધોયેલાં કોઈ નથી, એ વાત સાચી ન માનીએ તો પણ કોઈની અંગત જિંદગીની કારકિર્દીની હોડમાં જાહેર કરવાની મનોવૃત્તિ એ ખેલદિલ પ્રતિસ્પર્ધીની નિશાની નથી જ. વળી, આનાથી સામાન્ય લોકોનાં મન પર જે ખરાબ અસર પડે છે, નવી પેઢી પર જે ખરાબ અસર પડે છે તે બહુ જ ભયાનક બાબત છે ને ભવિષ્યમાં તે સમાજને નુકશાન કરશે.

આ બાબત ધ્યાને લઈને પણ આવી હલકી વૃત્તિ-મનોવૃત્તિ ટાળીએ.

# હું તો માત્ર નિમિત્ત બનુ છું, કામ કુદરત જ કરે છે!

'વાહ ...વાહ ...વાહ.... કેટલું સુંદર ! કોણે બનાવ્યું ?'

'મેં બનાવ્યું છે , સાહેબાન ...!'

'કોણ છે તું ?'

'હું તો સાવ સામાન્ય કારીગર છું .'

'તારી હોંશિયારીનો જોટો જડે તેમ નથી . તું આવું સરસ કામ ક્યાંથી શીખ્યો ?'

લાકડામાંથી મૂર્તિ બનાવનાર એક કારીગરે સરસ્વતી દેવીની એવી તો અદભૂત મૂર્તિ બનાવી હતી કે જોનારા ભલભલા દંગ થઈ જાય ! મૂર્તિ જાણે કોઈ માણસે નહી , પરંતુ દૈવીતત્વ એ બનાવી હોય તેવી સંપૂર્ણ હતી. મૂર્તિ ને રાજા ના દરબાર માં લઈ જવામાં આવી હતી. રાજા પણ તેને જોઈને દિગ્મૂઢ થઈ ગયો હતો.

તે પોતાની કેફિયત રજૂ કરી રહ્યો હતો. 'સાહેબાન, હું તો સાવ સામાન્ય કારીગર છું. મારામાં કોઈ ખાસ આવડત નથી'.

દરબારી : 'વાહ... કેટલી અદભૂત શિલ્પ!'

બીજાએ કહ્યું : 'આ પહેલાં આવી મૂર્તિ જીવનમાં ક્યારેય જોઈ નહતી !'

બાદશાહે આદેશ કર્યો . ' તું સામાન્ય કારીગર નથી જ . બતાવ અને કહે... કોણ છે તું ?'

'મહારાજ... શંકા ન કરો માય-બાપ ...હું સાચું કહું છું . હું આપના રાજ્યનો સામાન્ય જન છું'.

સામાન્ય કારીગર પોતાની જાતને રજૂ કરી રહ્યો હતો. કારીગરની નમ્રતા ઉડીને આંખે વળગે તેવી હતી. પોતાની કારીગરીનો સંપૂર્ણ યશ કુદરતને આપી રહ્યો હતો. તે કહી રહ્યો હતો કે મારામાં કોઈ ખાસ આવડત નથી. પણ હા, કોઈ પણ મૂર્તિ બનાવવાનું શરૂ કરું , તે પહેલાં ત્રણ દિવસ ધ્યાનમાં બેસી મન શાંત કરું છું. પછી હું મૂર્તિના આર્થિકલાભ વિશે વિચારતો નથી. પછીના તબક્કામાં મને વખાણ કે નિંદાથી કોઈ ફરક પડતો નથી . ધ્યાનના અંતિમ તબક્કામાં હું જાતને જ ભૂલી જાઉં છું . તમારો આ દરબાર કે તમારી હાજરીથી મને કોઈ ફરક પડતો નથી. પછી જંગલમાં જઈ, ઝીણવટ પૂર્વક તપાસી એક ઝાડ શોધી કાઢુ છું , જે માત્ર મારી મૂર્તિ માટે જ બન્યું હોય.

પોતાના ક્ષેત્રમાં સફળ થયેલી વ્યક્તિઓનું વિધાન આવું જ હોય છે. હું નિમિત્ત છુ, બધું જ ઈશ્વર કરે છે. તેથી જ કદાચ મારી બનાવેલી મૂર્તિઓ જોઈને ઘણા કહે છે કે આ મૂર્તિઓમાં દૈવીશક્તિનો સંચાર છે.દોસ્તોં, ક્યારેય કોઈ સારા કામ માટે કુદરતને,અન્યને યશ આપનારા સાચા અર્થમાં સન્માનને પાત્ર છે. પોતે શક્તિશાળી હોવા છતાં, ગુણિયલ હોવા છતા પોતાનો બધો યશ બીજાને આપી દેવામાં તે વ્યક્તિની મોટાઈ અને કાર્યની સુંદરતા નીખરી આવે છે. 'મેં કર્યું, મારું છે, મારા, સિવાય કોણ કરે, મારા વગર શક્ય જ નથી' વગેરે જેવાં વિધાનો વ્યક્તિને છીછરો બનાવી દે છે. બધું પોતે કર્યું હોવા છતા, 'હું તો સારથિ માત્ર છું. આ બધું તો તે કર્યું છે અર્જુન! 'એવું કહેનાર કૃષ્ણ અને લંકા પર વિજય મેળવવાનો સમગ્ર જશ વાનરસેના અને સુગ્રીવને આપનારા રામ્ મહાન ગણાય છે. વિદ્યાર્થીઓમાં ઉત્સાહનો સંચાર કરનાર, પ્રેરણા આપનાર, માર્ગદર્શન પૂરું પાડનાર શિક્ષક સફળતાનો જશ , પોતે ન લે પરંતુ વિધ્યાર્થીઓના ધગશ અને પરિશ્રમને જ આપે . તેમા શિક્ષકની ગરિમા જળવાય છે. દરેક સફળતામાં ''હું નિમિત્ત માત્ર છું . બધું કામ તો કુદરત કરે છે.'' આ વિધાન સફળ માણસોને મહાન બનાવે છે.



**અદબ-પલાંઠી મોં પર આંગળી**

ડૉ. સંતોષ દેવકર

**મિસરી**

*પકડ થડ, ને તૂટેલી ડાળ છોડી દે!*
*જમાનાની બધી જંજાળ છોડી દે!*
*જીવનનો ભાર હળવો થઇ જશે*
*ખભાપર બેઠેલો વૈતાળ છોડી દે!*

**- રાકેશસગર 'સાગર'**

# આઠેય વિનાયકના દર્શન પૂર્ણ કર્યા છતાં હજી મન નહોતું ધરાતું...

**અષ્ટવિનાયક યાત્રા વિભાગ-૨**

અષ્ટવિનાયકની યાત્રા અન્વયે આપણે છઠ્ઠા વિનાયક રાંજણગાવ સ્થિત શ્રી મહાગણપતિની સમીપ પહોંચ્યા હતા.



આ ક્ષેત્ર ભગવાન શંકરે વસાવ્યું હોવાથી તેમણે જ અહીં મૂર્તિની સ્થાપના કરી... ગૃત્સમદ ઋષિનો પુત્ર ત્રિપુરાસુરને ગણેશે આપેલ વરદાનના કારણે અતિશય ઉન્મત્ત અને અહંકારી થયો... બધા દેવોની વિનંતીથી ભગવાન શંકરે આ દૈત્યને પરાજિત કરવાનું માન્ય કર્યું.

અહીંનું મંદિર પૂર્વાભિમુખ હોઈ ઉત્તરાયણમાં સવારે સૂર્યના કિરણો ગણેશની મૂર્તિ પણ પૂડે છે... થોરલે માધવરાવે પેશવાએ મંદિરનો ગર્ભાગાર બાંધ્યો.

ભાદરવા મહિનામાં રાંજણગાવમાં ઘરેઘરે ગણેશની મૂર્તિની સ્થાપના કરવાની પ્રથા નથી, બધા લોકો મંદિરમાં ગણેશની પૂજા કરે છે. રાંજણગાવથી પુણે આશરે ૫૦ કિ.મી. દૂર છે.

સાતમા વિનાયક તે મહડ સ્થિત શ્રી વરદવિનાયક છે. પુણે-મુંબઈ હાઈવે મુંબઈથી નજીક એવા આ ગણપતિની કથા પણ ઘણી રોચક છે.


ગૃત્સમદ ઋષિએ પોતાની માતાને શ્રાપ આપ્યો હતો. તેનું પ્રાયશ્ચિત કરવા ત્યાંના અરણ્યમાં તેમણે 'ૐ ગં ગણપતયે નમઃ' આ મંત્રનો અનેક વર્ષો સુધી જપ કર્યો હતો. અને શ્રી ગણેશ તેમના પર પ્રસન્ન થયા, તેઓએ ગણેશને પ્રાર્થના કરી કે ગણેશજી અહીં જ રહીને ભક્તોની મનોકામના પૂર્ણ કરે...

આમ ઈચ્છાપૂર્તિ કરનાર ગણેશ હોવાથી તેઓ 'વરદ વિનાયક' તરીકે પ્રસિદ્ધ થયા.

ભક્તો માટે ૨૪ કલાક ખુલ્લું રહેનારું આ એક માત્ર દેવાલય છે... માહ મહિનામાં પુત્ર પ્રાપ્તિ માટે સ્રીઓનો ખોળો ભરવામાં આવે છે અને વિશેષ પૂજા કરવામાં આવે છે. ગણેશ પૂજાથી ભાવિકોની આસ્થાના બળે શુભફળ પ્રાપ્ત થતા હોવાથી આ જગ્યાની મહત્તા ઘણી વધી છે.

મહડની પાલી (શ્રી બલ્લાળેશ્વર) વિનાયક માત્ર ૪૦ કિ.મી. છે. મહડથી પાલી જતા રસ્તામાં જ 'ઈમેજિકા પાર્ક' આવે છે... ખોપોલીના માર્ગે મહડથી આઠમા અને છેલ્લા વિનાયકના દર્શનાર્થે અમે પાલી - બલ્લાળેશ્વર નીકળ્યા.

ગણેશપુરાણ અને મુદ્ગલ પુરાણમાં બલ્લાળની કથા છે. કલ્યાણ નામના વેપારીને બલ્લાળ સુપુત્ર. બાળપણથી જ તેઓ વિનાયક પર અપાર શ્રદ્ધા હતી. વિનાયકની આરાધનામાં ઓત-પ્રોત બલ્લાળ પોતે અને તેના બીજા સાથીઓ પણ અધ્યયન પ્રત્યે દુર્લક્ષ સેવવા લાગ્યા, આથી બલ્લાળના પિતાજીએ ક્રોધિત





થઈને બલ્લાળના ગણેશજીને દૂર ફેંકી દીધા અને બલ્લાલને પણ ઝાડ સાથે બાંધી દીધો.

બલ્લાળે ગણેશની આરાધના કરી, તેથી ગણેશ તેની પર પ્રસન્ન થયા. અને તેની વિનંતી કરી પાષાણરુપે મૂર્તિમાં પ્રગટ થઈ ત્યાં જ રહી ગયા. તેથી અહીંના વિનાયક બલ્લાળેશ્વર તરીકે ઓળખાય છે.

બલ્લાળેશ્વર મંદિરની પહેલાં ધુંડીવિનાયકનું મંદિર છે. મૂર્તિ સ્વયંભૂ છે. પ્રથમ આ મૂર્તિના દર્શન કરવાની પરંપરા છે.

શ્રી બલ્લાળેશ્વરની મૂર્તિ અર્ધગોળાકાર હોઈ ડાબી સૂંઢવાળી છે.

અહીંથી પુણેનું અંતર લગભગ ૧૧૦ કિ.મી.જેટલું છે.

આઠેય વિનાયકના દર્શન પૂર્ણ થઈ ગયા હોય છતાં, હજી મન નહોતું ધરાતું, એમ થતું હતું કે આ યાત્રા હજી ચાલુ જ રહે...

૧૨ જયોર્તિલિંગ અને ૫૨ શક્તિપીઠ જેટલું જ મહત્ત્વ આઠ (અષ્ટ) ગણપતિનું છે, તે આઠેઆઠ ગણપતિની યાત્રા ત્રણ દિવસમાં પૂર્ણ થઈ...



**વિચારયાત્રા**

ડૉ. જય ઓઝા

પુણે સુધી રેલમાર્ગ અને ત્યાંથી પ્રાઈવેટ ટેકસી ભાડે કરીને રોજ બે-બે કે ત્રણ વિનાયક કરીને અમે પરત પુના આવી જતા હતા... વાસ્તવમાં રાંજણગાંવ, મોરગાવ, ઓઝર આ બધી જગ્યાએ તો રહેવા માટે ભક્તનિવાસની વ્યવસ્થા ઉત્તમ છે.

અતૂટ શ્રદ્ધા અને અદ્વિતીય શક્તિના કેન્દ્ર સમા આ આઠેય ગણપતિની યાત્રામાં કેન્દ્ર સ્થાન પુણે રાખવાથી સુગમતા રહે છે. બાકી નાસિક અને મુંબઈથી પણ આ યાત્રાઓ થાય છે. મહારાષ્ટ્ર ટુરીઝમ અને અન્ય પ્રાઈવેટ ટુરીસ્ટ એજન્સી પુનાથી બે દિવસમાં જ આ આઠેય વિનાયકની યાત્રા કરાવે છે. પરંતુ નિરાંતે યાત્રા કરવી હોય, તો ત્રણ દિવસનો સમય ધારીને જ ચાલવું હિતાવહ છે.

છેલ્લા દિવસે પુણેના પ્રખ્યાત 'દગડુ શેઠ ગણપતિ મંદિર' જવાનો લ્હાવો મળ્યો.

મૂળ કર્ણાટકના દગડુ શેઠ પુણેમાં મીઠાઈના વ્યવસાય અર્થે દુકાન ચલાવતા હતા. ૧૮મી સદીના અંત સમયમાં તેમનો પુત્ર પ્લેગની મહામારીમાં મૃત્યુ પામ્યો... આ ઘટના બાદ પતિ-પત્ની ઘોર હતાશામાં સરી પડ્યા. તેમને આ હતાશામાંથી દૂર કરવા માટે તેમના ગુરુ માધવનાથ મહારાજે તેમની ગણપતિ મંદિરનું સંરચન કરવા સૂચવ્યું.

અને આમ તેમના આદેશને અનુસરીને લગભગ ૧૮૯૩માં આ મંદિરનું બાંધકામ પૂર્ણ થયું.

લોકમાન્ય તિલક અને દગડુ શેઠ મિત્રો હતા. તથા ગણેશોત્સવ સાર્વજનિક ઉત્સવ બને, તે ક્રાન્તિકારી વિચારનું બીજ આ જ સ્થળ હતું.

પુણે ખૂબ જ સ્વચ્છ અને સુઆયોજિત શહેર છે, અંગ્રેજોનું વડુમથક હોવાના કારણે અહીં અંગ્રેજ સ્થાપત્યની ઘણી ઈમારતો જોવા મળે છે.

હિંજેવાડી, આઈ.ટી. નગરી, મસ્તાની મહલ, શનિવાર વાડા, કેલકર મ્યુઝિયમ પાતાલેશ્વર મહાદેવ, ફર્ગ્યુસન કૉલેજ, પુણે યુનિવર્સિટી, ઓશો આશ્રમ જેવા જોવાલાયક સ્થળો સિવાય પુણેની નગર તરીકે આગવી વિશેષતા છે... મરાઠાઓનો પેશવાઓનો ઘણો સમૃદ્ધ અને છળકપટનો ઈતિહાસ આ શહેર ભંડારીને બેઠું છે...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# સુલતાને ધરમશીભાઈ બાપાને વિશિષ્ટ એવોર્ડ આપી સન્માનીત કર્યા

'એવોર્ડ મને મળે છે, મારા ઝભ્ભાને નહિ...' ધરમશી બાપાએ કહ્યું.

વાત છે સલ્તનત ઑફ ઓમાનના મસ્કત શહેરની. ઓમાનના વર્તમાન રાજા સુલતાન કાબુસ બિન સૈયદ સાહેબના પરોપકારી અને વાત્સલ્યમયી શાસનમાં અહીં ગુજરાતીઓની પાંચમી-છઠ્ઠી પેઢી ધર્મ-સંસ્કારને સાચવીને વ્યાપાર-વણજ આગળ ધપાવી રહી છે. આવી જ એક વિશ્વસ્તરે જાણીતી પેઢી ધરમશી નેણશી પરિવારની આ વાત છે.

મૂળ કચ્છ માંડવીના નેણશીભાઈ અને ગોકબાઈના પરિવારમાં ત્રણ દીકરા અને એક દીકરીનો ઉછેર થઈ રહ્યો છે. નેણશીભાઈ બહુ નાની ઉંમરે મસ્કત આવ્યા ને પાંત્રીસ વર્ષની યુવાન વયે બિમારીથી મૃત્યુ પામ્યા. પરિવાર પર વજ્રઘાત થયો. મોટા દીકરા ધરમશીભાઈએ ઘરની જવાબદારી માત્ર ૧૩ વર્ષની ઉંમરે ઉઠાવી અને ૧૯૨૪માં તેઓ મુંબી થઈને મસ્તક પહોંચ્યા. બે વર્ષ બહુ ટૂંકા પગારે કોઈ પેઢીમાં નોકરી કરી. પૈસા બચાવ્યા. માંડવી આવ્યા. જમનાબેન સાથે લગ્નથી જોડાયા.

પરિવાર અને પત્નીને લઈને મસ્કત આવ્યા. પરિશ્રમ - પ્રાર્થના અને પ્રેમની મૂડી સાથે પેઢી શરુ કરી. ધરમશીભાઈનો પરિચય તે સમયના સુલતાન સાહેબ સાથે થયો. એમને ધરમશીભાઈની વફાદારી અને સરળતા સ્પર્શી ગઈ... ટોપરાણી પરિવારમાં કાળક્રમે છ બાળકોનો જન્મ થયો અને ઘર-પરિવાર ઠાકોરજીની કૃપાથી શિક્ષણ-સંસ્કાર-સમૃદ્ધિથી મહેંકતો થયો. નાનાભાઈ કરસનદાસ નેણસી માંડવી પાછા ફર્યા, બીજા ભાઈ હરિદાસ નેણસીએ સ્વતંત્ર પેઢી શરુ કરી...

પત્ની જમનાબહેન અને બાળકો સાથે દરિયાદિલ અને દાતાર એવા ધરમશીભાઈ વ્યાપાર-વમજને આગળ વધારતા રહ્યા... સામાજિક - ધાર્મિક કાર્યક્રમોમાં જોડાયા રહ્યા. ઓમાનના રાજવી પરિવાર સાથે લાગણીભર્યા સંબંધો સાચવ્યા. સમગ્ર રાજવી પરિવાર ધરમશી બાપાને વડીલ તરીકે આદર આપતું હતું.

૧૯૮૬માં સુલતાન સાહેબે ધરમશીભાઈ બાપાને વિશિષ્ટ એવોર્ડ આપી સન્માન કરવાનું નક્કી કર્યું.

સુલતાન સાહેબ દ્વારા સન્માનનો દિવસ આવી પહોંચ્યો. એ દિવસે સવારે એમના દીકરાઓ અશ્વિનભાઈ અને બિપીનભાઈએ બાપુજીને પૂર્ણ વિવેક સાથે આગ્રહ ભરી વિનંતી કરી. 'બાપુજી, આજે આપને સુલતાન સાહેબના હસ્તે એવોર્ડ મળવા જઈ રહ્યો છે તો આ જૂનો ઝભ્ભો મૂકી દ્યો અને નવો ઝભ્ભો પહેરોને...?' 'બાપુજીએ સામે કહ્યું...' કેમ, આ જૂના ઝભ્ભામાં શું વાંધો છે? બંને ભાઈઓ પહોંચ્યા બા પાસે, એમને બા ને કહ્યું, 'બા, તમે સમજાવો, તમારી વાત માનશે.'... જીવનના પાંચ દાયકા પતિ સાથે વિતાવનાર પત્નીને ખબર હતી કે નહિ માને, પણ દીકરાઓનું મન રાજી રાખવા કહ્યું, 'કહું છું, આ છોકરાવ સાચું કહે હોં...!' ત્યારે ધરમશી બાપાને કહ્યું, 'છોકરાવ સાચું જ કહે છે પણ સુલતાન સાહેબ મારા ઝભ્ભાને એવોર્ડ નથી આપતા, મારી સેવા અને વફાદારીને એવોર્ડ આપે છે માટે ઝભ્ભો સંકેલીન મુકી દે... કોઈક ગરીબને આપી દેજો, એને કામ લાગશે !! આ જવાબ સાંભળીને પત્નીને આવા આદર્શ પતિ મળ્યાનો અને બંને દીકરાઓને સાદગીથી સમ્રાટ જેવા પિતાજી મળ્યાનો આનંદ અને ગૌરવ હતા. મનોમન તેઓ ધરમશી બાપાના વ્યક્તિત્વને વંદન કરી રહ્યા હતા.'



**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

૨૦૦૧ના વર્ષથી આ પરિવારના અશ્વિનભાઈ સાથે પારિવારિક ઘરોબો અને સત્સંગ રહ્યો છે. ધરમશી બાપાએ સાહસિક સાત્વિક અને સત્સંગી વ્યક્તિત્વની છાપ સમાજમાં મુકી છે. રાજવી પરિવાર સાથેના સંબંધો અને સેવામાં તેઓ નિર્લેપ રહી શક્યા છે. ઓમાનમાં અને કચ્છ - માંડવીમાં એમણે કરેલી સખાવતો એમના સેવામય વ્યક્તિત્વની શાખ પુરે છે. એમને ગુપ્તદાન કર્યું હતું. ધરમશીબાપાના વિવેક-નમ્રતા-સાદગી અને દાતારીના સંસ્કારોને એમના સંતાનોએ સાચવ્યા છે. મસ્કતના કૃષ્ણ મંદિરમાં દર્શન કરતા અશ્વિનભાઈ આટલા મોટા ધનપતિ છે એની ખબર કોઈને પણ ન પડે એટલા એ સરળ છે. એમના ધર્મપત્ની દિવ્યાબહેન પણ અત્યંત સહજ-સરળ અને નિરાભિમાની છે. અશ્વિનભાઈએ ઠાકોરજી પ્રત્યેની આસ્થાની ઘરમાં જ હવેલી જેવું મંદિર બનાવ્યું છે ને નાથદ્વારા - ગોકુલ - મથુરા - દ્વારિકા તેમજ બેટ દ્વારિકામાં અન્યક્ષેત્રો - ધર્મશાળાઓ વગેરેમાં દાન આપતા રહ્યા છે. આવા વ્યક્તિત્વો અને પરિવાર થકી સમાજ જીવનમાં પ્રેરણાના દીવડા પ્રગટે છે ને અજવાળા રેલાય છે.

●●●

ભક્ત દાતાર શૂર ભોમકા,
ને દાદા મેકરણનો મુકામ.
કર્યું કચ્છનું ઉજ્જવળ નામ,
એના ભલા પ્રતાપી ભાટીયા

(કલાકાર મિત્ર સાંઈરામ દવે લિખિત પુસ્તકમાં પૂજ્ય ધરમશીભાઈ બાપાને માટે કવિ રાજદેવભાઈ બારોટે લખેલ દોહાંજલિ)